**સરકારી કર્મચારીઓ/અધિકારીઓ દ્વારા કેન્દ્ર કે રાજ્ય સરકારમાં કે તેની હસ્તકની કોઇપણ કચેરીમાં તેઓએ અગાઉ બજાવેલ સેવાને વર્તમાન સેવા સાથે રજા અને પેન્શનના હેતુ માટે જોડવા બાબત.**

ગુજરાત સરકાર,
**નાણા વિભાગ,**
પરિપત્ર ક્રમાંકઃ- પરચ-૨૦૦૨-યુ.ઓ.૧૦૦૭-પી,
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ- ૨૯ -૦૮-૨૦૦૨.

**વંચાણે લીધાઃ-**

(૧) નાણા વિભાગના તા.૦૧-૦૧-૮૩ના શેરા ક્રમાંકઃ- નવન/૧૦૮૩/૨૦/પી.
(૨) સામાન્ય વહીવટ વિભાગનો તા.૨૪-૦૨-૯૩નો ઠરાવ ક્રમાંકઃ- એફઓએ/૧૦૯૨/ યુઓ.૩૦૭/ગ.ર.
(૩) નાણા વિભાગનો તા.૦૩-૦૭-૯૮નો ઠરાવ ક્રમાંકઃ- પરચ/૧૦૯૭/૮૩૦/પી.
(૪) સામાન્ય વહીવટ વિભાગનો તા.૨૪-૦૨-૯૯નો પરિપત્ર ક્રમાંકઃ- એફઓએ/ ૧૦૯૨/ યુઓ.૩૦૭/ગ.ર.
(૫) નાણા વિભાગનો તા.૩૧-૧-૯૦નો ઠરાવ ક્રમાંકઃ- નવત/૧૧૮૯/૧૯૬૩/પી.૧.
(૬) નાણા વિભાગનો તા.૨૮-૮-૯૦ નો ઠરાવ ક્રમાંકઃ- નવત/૧૧૮૯/૧૯૬૩/પી.૧.
(૭) નાણા વિભાગનો તા. ૬-૯-૯૪નો ઠરાવ ક્રમાંકઃ- નવત/૧૧૮૯/૧૯૬૩/પી.૧.

**પ રિ પ ત્ર :-**

સરકારી કર્મચારીઓ/અધિકારીઓ દ્વારા કેન્દ્ર કે રાજય સરકારમાં કે તેની હસ્તકની કોઇપણ કચેરીમાં તેઓએ અગાઉ બજાવેલ સેવાઓને તેમની હાલની રાજય સેવા સાથે રજા અને પેન્શનના હેતુ માટે જોડવા માટે સરકારશ્રીના આમુખમાં દર્શાવ્યા મુજબના હુકમો છે. આ હુકમો અનુસાર કર્મચારી/અધિકારીશ્રીઓની વર્તમાન સેવા સાથે તેઓની અગાઉની સેવા જોડવા માટે નાણા વિભાગની સંમતિ મેળવવાની રહે છે. અને તેથી નાણા વિભાગની સંમતિ માટે અત્રે દરખાસ્તો કરવામાં આવે છે.

૨. અનુભવે જણાયું છે કે, નાણા વિભાગને સંમતિ/મંજુરી માટે રજુ કરાતી આવી દરખાસ્તો કેટલીકવાર વિભાગ કક્ષાએ કાળજીપૂર્વક અને યોગ્ય રીતે ચકાસવામાં આવતી નથી અને ઉકત ઠરાવોની જોગવાઇ અનુસાર ન હોય તેવી દરખાસ્તો પણ નાણા વિભાગને રજુ કરવામાં આવે છે. આ સંજોગોમાં અધૂરાશ કે ખૂટતી વિગતોને કારણે દરખાસ્ત નિર્ણય માટે આખરી થતી નથી. અને પ્રકરણ વિલંબમાં પડે છે. આ પરિસ્થિતિ નિવારવા માટે આવા પ્રકારની દરખાસ્તો તૈયાર કરવામાં વિભાગોને ઉપયોગી થઇ રહે તે હેતુથી નાણા વિભાગે એક ચેકલીસ્ટ તૈયાર કરેલ છે. જે આ સાથે સામેલ છે. સરકારી કર્મચારીની પૂર્વ સેવા, રજા અને પેન્શનના હેતુસર જોડવા માટેની દરખાસ્તો નાણા વિભાગને વિચારણા માટે રજુ થાય તે પહેલા વિભાગ કક્ષાએ તેને સંબંધિત તમામ

માહિતી આ સાથેના ચેકલીસ્ટ અનુસાર તૈયાર કર્યા પછી સચિવશ્રી કક્ષાએ મંજુરી મેળવીને જ નાણા વિભાગને સંદર્ભ કરવામાં આવે તેની તકેદારી રાખવા આથી સૂચના આપવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

હરીશ ખન્ના
સેક્શન અધિકારી,
નાણા વિભાગ.

**નકલ રવાના:-**

- માન. રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
  માન. મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, ગાંધીનગર.
  તમામ મંત્રીશ્રીઓ/રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી, ગાંધીનગર.
  માન. વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
- રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ.
- સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.
- સચિવશ્રી ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ.
- સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
  સચિવાલયના સર્વે વિભાગો.
  તમામ ખાતાના વડાઓ.
  સર્વે જિલ્લા કલેકટરશ્રીઓ.
  સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ
  એકાઉન્ટન્ટ જનરલ (ઓડીટ-૧), ગુજરાત રાજ્ય, અમદાવાદ.
  એકાઉન્ટન્ટ જનરલ (ઓડીટ-૨), ગુજરાત રાજ્ય, રાજકોટ.
  એકાઉન્ટન્ટ જનરલશ્રી (એ એન્ડ ઇ), ગુજરાત રાજ્ય, અમદાવાદ/રાજકોટ.
  નિરીક્ષકશ્રી સ્થાનિક ભંડોળ હિસાબ, ગાંધીનગર.
  પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
  પગાર અને હિસાબી અધિકારી, નર્મદા, વડોદરા/ગાંધીનગર
  સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ/તમામ પેટા તિજોરી અધિકારીશ્રીઓ.
  તમામ બોર્ડ/કોર્પોરેશન/યુનિવર્સિટીઓ અને જાહેર સાહસો.
  નાણા વિભાગના સર્વે અધિકારીશ્રીઓ/નાણા સલાહકારશ્રીઓ તેમજ શાખાઓ.
  સર્વે માન્ય મંડળ (પંચાયત સેવાના એસોસીએશનો સહિત).
  નિયામકશ્રી હિસાબ અને તિજોરીની કચેરી, ગાંધીનગર.
  નિયામકશ્રી પેન્શન અને પ્રોવીડંટ ફંડ, ડૉ.જીવરાજ મહેતા ભવન, જુના સચિવાલય, ગાંધીનગર.
  સર્વે જિલ્લા સહાયક નિરીક્ષકશ્રી.
  પસંદગી ફાઇલ, પી-શાખા, નાણા વિભાગ.
  સીલેકટ ફાઇલ/મદદનીશ સીલેકટ ફાઇલ.
- પત્ર દ્વારા.

MK/P/G.R.

**નાણા વિભાગના તા. ૨૯/૮/૦૩ના પરિપત્ર ક્રઃપરચ/૨૦૦૨/યુ.ઓ.૧૦૦૬/પી નું જોડાણ.**

# પ રિ શિ ષ્ટ.

## પૂર્વે બજાવેલ સેવાને હાલની સેવા સાથે જોડી રજા અને પેન્શનના હેતુ માટે સળંગ ગણવા માટેની દરખાસ્ત સાથે રજુ કરવાનું ચેકલીસ્ટ.

---

(૧) સરકારી કર્મચારી/અધિકારીની હાલની જગ્યાનું નામ :-

(૨) હાલની જગ્યા/સંવર્ગમાં હાજર થયાની તારીખ :-

(૩) સદરહુ નિમણુંક ભરતી નિયમોનુસાર અને માન્ય પધ્ધતિ દ્વારા થયેલ છે ? :-

(૪) હાલની જગ્યા પર નિમણુંક મેળવવા ખાતા મારફત અરજી કરવામાં આવી હતી કે કેમ? :-

(૫) અગાઉની સેવામાંથી છૂટા કરવામાં આવેલ છે કે પછી ફરજ મુકત કરવામાં આવેલ. :-

(**નોંધઃ-** કર્મચારી અગાઉની સેવામાંથી રાજીનામુ આપી છૂટા થયા હોય તો સેવા જોડવાનો પ્રશ્ન રહેતો નથી તે પણ ધ્યાને લેવા વિનંતી.) :-

(૬) હાલની નિયમિત સેવા સાથે કયા સમયગાળાની સેવા સળંગ ગણવાની છે. (સમયગાળો/સેવા/જગ્યાનુ નામ વર્ગ દર્શાવવા.) :-

(૭) હાલની નિયમિત સેવામાં અજમાયશી સમય સંતોષકારક પૂર્ણ કરવામાં આવેલ છે કે કેમ? :-

(૮) બંને સેવાનો વચ્ચે કોઇ તૂટ છે કે કેમ? :-

(૯)અઃ પ્રસ્તુત કેસમાં સામાન્ય વહીવટ વિભાગનો પરામર્શ જરૂરી છે કે કેમ? :-

બઃ જરૂરી છે તો તે કરેલ છે કે કેમ? :-

કઃ જરૂરી ન હોય તો તેની સ્પષ્ટતા. :-

(૧૦) કેન્દ્ર સરકારમાં બજાવેલ સેવાઓ જોડવા માટે નાણા વિભાગના તા.૦૧-૦૧-૮૩ના ઠરાવના શેરાપત્રની શરતો સંતોષાય છે કે કેમ? :-

(૧૧) જો એડહોક સેવાઓ જોડવાની હોય તો તે સેવાનો સંવર્ગ, સમયગાળો, નિમણુંક ની પધ્ધતિ વગેરે દર્શાવવા. :-

(૧૨) કયા નિયમો અન્વયે પ્રશ્ન હેઠળની સેવા પગારના હેતુસર જોડવામાં આવી છે? :-

(૧૩) કયા મુદ્દા માટે અને કયા કારણસર નાણા વિભાગની સંમતિ જરૂરી છે તેની સ્પષ્ટતા. :-

(૧૪) પ્રસ્તુત દરખાસ્ત માટે વિભાગની સ્પષ્ટ ભલામણ :-

(૧૫) દરખાસ્ત કરનાર વિભાગના સચિવશ્રીની સહી :-

MK/P/G.R.

GCPG-U-430-03-04-1500-3